રાજ્ય સરકારના સરકીટ હાઉસ, વિશ્રામગૃહ, પથિકાશ્રમ,
ગુજરાત ભવન માઉન્ટ આબુ,ગુજરાત ભવન મુંબઇ,
વગેરેમાં રહેવા તથા જમવાના દરોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંક:એવીએ/૧૦૨૦૦૯/૨૫૩/(૭)/ન-૧
૧૪/૩,સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૮/૭/૨૦૧૫.

વંચાણે લીધા:

(૧) મા.મ.વિના તા.૨૧/૯/૯૮ના ઠરાવ ક્રમાંક: એવીએ/૧૦૯૮/૧૦૫૪/(૨૩)/ન-૧

(૨) મા.મ.વિ.ના તા.૩/૬/૧૦ નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૧૭૦૦/(૬૦)/ ન-૧

પ્રસ્તાવના:

વિભાગના સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૧/૯/૯૮ના ઠરાવથી રાજ્યના સરકીટ હાઉસ/ વિશ્રામગૃહો/પથિકાશ્રમમાં રહેવા તથા જમવાના દરો નિયત કરવામાં આવેલ હતા. ત્યારબાદ અગાઉ નિયત કરાયેલ દરો જૂના હોઇ અને ત્યારબાદ પ્રતિદિન ખાદ્યસામગ્રીની ચીજવસ્તુઓમાં થયેલ ભાવ વધારા અને મોંઘવારીમાં થયેલ વધારાને ધ્યાને લઇને આ દરો સુધારવા અત્યંત આવશ્યક જણાયેલ અને તે સંદર્ભે ગેસ્ટ હાઉસ મેનેજર્સ એસોસીએશન તરફથી આ દરો સુધારવાની રજુઆત મળેલ. ગેસ્ટ હાઉસ મેનેજર્સ એસોસિએશનની રજુઆતને ધ્યાને લઇને વિભાગના નિયંત્રણ હેઠળના અધિક્ષક ઇજનેરશ્રીઓ પાસેથી તેઓના અભિપ્રાય સાથેનો અહેવાલ મંગાવવામાં આવેલ. અધિક્ષક ઇજનેરશ્રીઓ તરફથી મળેલ અહેવાલ પરત્વે સરકીટ હાઉસ/ગેસ્ટ હાઉસના રહેવા જમવાના દરોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ સાથેના પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબ મા.મ.વિ. હસ્તકના રાજ્યના સરકીટ હાઉસ/ વિશ્રામગૃહો/પથિકાશ્રમ/ગુજરાત ભવન આબુ તથા મુંબઇના રહેવા અને જમવાના દરો સુધારવા નિર્ણય કરેલ છે.

૨. ઉપર્યુક્ત ગૃહોમાં આરક્ષણ અંગેની કામગીરી નીચે મુજબના સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવશે.

| ગૃહની વિગત | | સક્ષમ અધિકારી |
|---|---|---|
| (૧) રાજ્યના સરકીટ હાઉસ | - | રાજ્ય સરકારના સરકારી અધિકારી/કર્મચારી માટે - સંબંધિત સરકીટ હાઉસના મેનેજર |
| | - | ખાનગી વ્યક્તિઓ માટે – સંબંધિત (મા.મ) ડિવીઝનના કાર્યપાલક ઇજનેરશ્રી |

(૨) રાજયના અન્ય વિશ્રામગૃહો/ આરામગૃહો તથા પથિકાશ્રમ - <u>સરકારી-અધિકારી-કર્મચારી/ખાનગી વ્યક્તિ માટે-</u> સંબંધિત કાર્યપાલક ઇજનેર અગર નાયબ કાર્યપાલક ઇજનેર રાજ્ય તથા પંચાયત મા.મ.વિ/ પેટા વિભાગ.

(૩) (અ) સરકીટ હાઉસ માઉન્ટ આબુ અને ગુજરાત ભવન, માઉન્ટ આબુ - <u>ઓફ સીઝન</u>- કાર્યપાલક ઇજનેરશ્રી, પાલનપુર (મા.મ) વિભાગ, પાલનપુર.

(બ) વિશ્રામગૃહ, તિથલ - કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ(મા.મ.)વિભાગ, વલસાડ

<u>પીક સીઝન</u>-
દર વર્ષે (૧) એપ્રિલ થી જૂન
(૨) ઓકટોબર તથા નવેમ્બર

સંયુકત/નાયબ સચિવશ્રી(વસવાટ) (સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી/ મેનેજરશ્રીના પરામર્શમાં) મા.મ.વિ., ગુજરાત સરકાર, બ્લોક નં ૧૪, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તમામ સરકારી અધિકારી/કર્મચારીઓ અને ખાનગી વ્યક્તિઓએ ગૃહોમાં તેઓના આગમન અને પ્રસ્થાન અંગે સંબંધિત ગૃહો ખાતે નિભાવવામાં આવતાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવાની રહેશે અને જરૂરી ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૩. રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારીઓ પણ આ ગૃહો ખાતે આરક્ષણ મેળવી શકશે અને તે માટે નીચે મુજબ ચાર્જ વસૂલ લેવામાં આવશે.

જાહેર સાહસોના અધિકારીઓ રાજ્ય સરકારના અધિકારીઓ જેટલું દૈનિક ભથ્થું મેળવતા હોય તો તેઓ પાસેથી રાજ્ય સરકારના અધિકારીઓ જેટલો ચાર્જ વસુલ લેવાનો રહેશે. જો તેઓ વધુ દૈનિક ભથ્થું મેળવતા હોય તો તેમનો ચાર્જ ૩0% વધુ થશે.

૪. વંચાણમાં દર્શાવેલ ક્રમ (૨) સામેના તા.૩/૬/૧૦ ના પરિપત્રની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તે મુજબ રાજ્ય સરકારના ગૃહોમાં બિન શાકાહારી વાનગીઓ પીરસવાની રહેશે નહિ.

૫. આ સુધારેલ દરોમાં પ્રતિવર્ષ ૧૦% (દસ ટકા) નો વધારો કરી, અને તે દરે અમલ કરવાનો રહેશે. (નજીકના રૂપિયા પાંચની ગણતરીમાં) આ ઠરાવ જુલાઇ-૨૦૧૫માં બહાર પાડવામાં આવે છે તેથી આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં આ દરો યથાવત રાખીને તા.૧/૪/૧૭ થી આ પ્રકારના દરોમાં વધારો લાગુ પાડવાનો રહેશે. આ પ્રમાણેનાં વધારાનાં દરો નિયત કરવાની કામગીરી વિભાગનાં નિયંત્રણ હેઠળનાં સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીઓએ અ.ઇ.શ્રીનાં પરામર્શમાં કરવાની રહેશે અને નિયત સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરીને તેની જાણ સંબધિત તમામને કરવાની રહેશે.

૬. આ હુકમો તા.૧/૮/૨૦૧૫થી અમલમાં આવશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તા.૮/૪/૧૫ની તેમજ સરકારશ્રીની તા.૧૫/૬/૧૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.પી.મહેતા)
નાયબ સચિવ (વસવાટ અને મહેકમ)
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ - પરિશિષ્ટ ૧ અને ૨

પ્રતિ:-

* - નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ
- માન.વિરોધપક્ષના નેતાશ્રીનાં અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
* - સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* - સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* - સચિવશ્રી ગુજરાત માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
* - સચિવશ્રી ગુજરાત લોકાયુક્તશ્રી , ગાંધીનગર.
* - સચિવશ્રી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
* - સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* - રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* - સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીનાં નાયબસચિવશ્રી,મુખ્યસચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી(નાણા),નાણા વિભાગ ,સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(મા.મ), મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, માહિતી ખાતું, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ ખાતાના વડાશ્રીઓ
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ./પંચાયત વર્તુળો
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર તરફ પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ,મા.મ./પંચાયત વર્તુળો

- મા.મ.વિની સર્વે શાખાઓ
- તમામ ગૃહના મેનેજર, અતિથિગૃહો/વિશ્રામગૃહો/આરામગૃહો/પથિકાશ્રમ/ઇજનેરી સ્ટાફ કોલેજ/રાજ્ય તથા રાજ્ય બહારના અતિથિગૃહ/ગુજરાત ભવન
- સિલેકટ ફાઈલ-૨૦૧૫
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ-૨૦૧૫

* પત્ર દ્વારા

માર્ગ અને મકાન વિભાગના તા.૨૮/૭/૨૦૧૫નાં ઠરાવ ક્રમાંક એવીએ/૧૦૨૦૦૯/૨૫૩/(૭)/ન-૧ નું બિડાણ

પરિશિષ્ઠ-૧

રહેવાના દરો

| અનુક્રમ નંબર | ગૃહની કક્ષા | | | એક દિવસના રહેવાના દર (રૂપિયામાં) | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | અમદાવાદ સિવાયના ગૃહોના દર (અ કક્ષા સિવાયના શહેરો) | | ગુજરાત ભવન મુંબઇ, સરકીટ હાઉસ માઉન્ટ આબુ અને સરકીટ હાઉસ અમદાવાદ તેમજ અન્ય 'અ' કક્ષાના જાહેર થયેલ શહેરોના દરો | |
| | | | | નિયત દર | | નિયત દર | |
| | | | | એ.સી.રૂમ | નોન-એ.સી.રૂમ | એ.સી.રૂમ | નોન-એ.સી.રૂમ |
| ૧ | ૨ | | | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અતિથિ ગૃહ (સરકીટ હાઉસ) | | | | | | |
| | (અ) | સરકારી અધિકારી ફરજ પર | | | | | |
| | (i) | - અધિકારી માટે | | | | | |
| | | (અ) સિંગલ ઓક્યુપન્સી | | ૮૦ | ૪૦ | ૧૦૦ | ૫૦ |
| | | (બ) ડબલ ઓક્યુપન્સી | | ૬૦ | ૩૦ | ૮૦ | ૪૦ |
| | (ii) | કુટુમ્બના પ્રત્યેક વધારાના સભ્ય માટે | | ૩૦ | ૨૦ | ૪૦ | ૩૦ |
| | (iii) | એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | | ૧૨૦ | ૮૦ | ૧૪૦ | ૮૦ |
| | (બ) | સરકારી અધિકારી બિન ફરજ પર | | | | | |
| | (i) | પ્રથમ ૧૦ દિવસ માટે | | | | | |
| | | - અધિકારી પોતાના માટે | | | | | |
| | | (અ) સિંગલ ઓક્યુપન્સી | | ૧૩૫ | ૯૦ | ૨૨૫ | ૧૨૦ |
| | | (બ) ડબલ ઓક્યુપન્સી | | ૧૨૦ | ૭૫ | ૧૫૦ | ૯૦ |
| | (ii) | કુટુમ્બના પ્રત્યેક વધારાના સભ્ય માટે | | ૭૫ | ૪૫ | ૯૦ | ૬૦ |
| | (iii) | એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | | ૨૭૦ | ૧૬૫ | ૩૭૫ | ૨૧૦ |

નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય ગાંધીનગર.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧૦ દિવસ બાદ: | | | | |
| | (iv) | દરેક સભ્ય માટે | ૧૮૦ | ૧૨૦ | ૨૭૦ | ૧૫૦ |
| | (v) | એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૪૫૦ | ૨૪૦ | ૫૪૦ | ૩૯૦ |
| | (ક) | ખાનગી વ્યક્તિઓ | | | | |
| | (અ) | સિંગલ બેડ રૂમ | | | | |
| | | (i) સિંગલઓક્યુપન્સી | ૯૦૦ | ૬૭૫ | ૧૩૫૦ | ૯૦૦ |
| | | (ii) ડબલ ઓક્યુપન્સી | ૧૩૫૦ | ૧૦૫૦ | ૧૮૦૦ | ૧૨૦૦ |
| | (બ) | ડબલ બેડ રૂમ | | | | |
| | | (i) સિંગલઓક્યુપન્સી | ૧૦૫૦ | ૯૦૦ | ૧૮૦૦ | ૧૨૦૦ |
| | | (ii) ડબલ ઓક્યુપન્સી | ૧૮૦૦ | ૧૨૦૦ | ૧૯૫૦ | ૧૩૫૦ |
| | (ક) | કુટુમ્બના બે કરતાં વધારાના પ્રત્યેક સભ્ય માટે | ૪૫૦ | ૩૦૦ | ૬૭૫ | ૩૭૫ |

| અનુક્રમ નંબર | ગૃહની કક્ષા | | અમદાવાદ સિવાયના રાજ્યના ગૃહોને લાગુ દર | | અમદાવાદ વિશ્રામ ગૃહ / માઉન્ટ આબુ ગુજરાત ભવન / પથિકાશ્રમ | |
|---|---|---|---|---|---|---|
| | | | નિયત દર | | નિયત દર | |
| | | | એ.સી.રૂમ | નોન-એ.સી.રૂમ | એ.સી.રૂમ | નોન-એ.સી.રૂમ |
| ૨ | વિશ્રામ ગૃહ / આરામ ગૃહ (રેસ્ટ હાઉસ) / પથિકાશ્રમ | | | | | |
| | (અ) | સરકારી અધિકારી/ કર્મચારી ફરજ પર | | | | |
| | | (i) અધિકારી / કર્મચારી માટે | ૫૦ | ૨૦ | ૮૦ | ૪૦ |
| | | (ii) કુટુમ્બના પ્રત્યેક સભ્ય માટે | ૨૦ | ૧૫ | ૩૦ | ૨૦ |
| | | (iii) એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૧૦૦ | ૪૦ | ૧૨૦ | ૭૦ |

નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય ગાંધીનગર.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (બ) | સરકારી અધિકારી -કર્મચારી બિન ફરજ પર | | | | |
| | (i) | પ્રથમ ૧૦ દિવસ માટે | | | | |
| | | (અ) અધિકારી / કર્મચારી માટે | ૧૫૦ | ૬૦ | ૨૧૦ | ૧૦૫ |
| | | (બ) કુટુમ્બના પ્રત્યેક સભ્ય માટે | ૪૫ | ૩૦ | ૭૫ | ૬૦ |
| | | (ક) એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૨૪૦ | ૧૦૫ | ૩૦૦ | ૧૯૫ |
| | (ii) | ૧૦ દિવસ બાદ: | | | | |
| | | (અ) અધિકારી/કર્મચારી તથા દરેક સભ્ય માટે | ૨૧૦ | ૧૦૫ | ૨૨૫ | ૧૨૦ |
| | | (બ) એકજ રૂમમાં રહેતા કુટુમ્બના સભ્યો પાસેથી લેવાનો થતો વધુમાં વધુ દર | ૩૦૦ | ૨૨૫ | ૩૩૦ | ૨૪૦ |
| | (ક) | બિન સરકારી/ખાનગી વ્યક્તિઓ | | | | |
| | | (i) સિંગલ ઓક્યુપન્સી | ૬૦૦ | ૩૦૦ | ૭૫૦ | ૪૫૦ |
| | | (ii) પ્રત્યેક વધારાના સભ્ય માટે | ૨૭૦ | ૧૨૦ | ૩૬૦ | ૨૧૦ |
| | | (iii) જો કુટુંબ (૨+૩) ના સભ્યો એક જ રૂમમાં રોકાણ કરે તો | ૧૧૨૫ | ૬૦૦ | ૧૩૫૦ | ૭૫૦ |

નોધ:-

(૧) કોલમ ૫ માં દર્શાવેલ દરો અમદાવાદ ખાતે વિશ્રામ ગૃહમાં એ.સી.સ્યુટના (અન્ય “અ” વર્ગના શહેરો જ્યારે ઘોષિત કરવામાં આવે તે સહિત) તેમજ ગુજરાત ભવન માઉન્ટ આબુના પીક સિઝન માટે છે.

(૨) કોલમ ૬ માં દર્શાવેલ દરો અમદાવાદ ખાતે વિશ્રામ ગૃહમાં નોન એ.સી.સ્યુટના (અન્ય “અ” વર્ગના શહેરો જ્યારે ઘોષિત કરવામાં આવે તે સહિત) તેમજ ગુજરાત ભવન માઉન્ટ આબુ ખાતે ઓફ સિઝન માટે છે.



નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય ગાંધીનગર

| અનુક્રમ નંબર | | ગૃહની કક્ષા | એક દિવસના રહેવાના દર (રૂપિયામાં) | | |
|---|---|---|---|---|---|
| | | | પથિકાશ્રમ, ગાંધીનગર | માઉન્ટ આબુ, ડોરમેટરી | |
| | | | નિયત દર | નિયત દર | |
| | | | | પીક સિઝન | ઓફ સિઝન |
| ૩ | ડોરમેટરી | | | | |
| | (અ) | સરકારી કર્મચારી ફરજ પર | | | |
| | | (i) કર્મચારી માટે | ૨૦ | ૩૦ | ૨૦ |
| | | (ii) કુટુમ્બના વધારાના પ્રત્યેક સભ્ય માટે | ૨૦ | ૩૦ | ૨૦ |
| | (બ) | સરકારી કર્મચારી બિન ફરજ પર | | | |
| | (i) | પ્રથમ ૧૦ દિવસ માટે | | | |
| | | (અ) કર્મચારી માટે | ૪૫ | ૬૦ | ૪૫ |
| | | (બ) કુટુમ્બના વધારાના પ્રત્યેક સભ્ય માટે | ૩૦ | ૪૫ | ૩૦ |
| | (ii) | ૧૦ દિવસ બાદ: | | | |
| | | (અ) પ્રત્યેક કર્મચારી માટે | ૭૫ | પરમીશન નથી | પરમીશન નથી |
| | | (બ) બિન સરકારી/ખાનગી વ્યક્તિઓ માટે | ૨૨૫ | પરમીશન નથી | પરમીશન નથી |

શરતો:-

(૧) સરકારી અધિકારી/કર્મચારી ફરજ પરના ચાર કલાક કરતાં વધારે ન હોય તેવા રોકાણ માટે તેમને કોઇ ચાર્જ ચૂકવવાનો રહેશે નહિ. ૧૨ કલાક કરતાં ઓછા રોકાણ માટે અડધા દરે ચાર્જ લેવાનો રહેશે. ૧૨ કલાક કરતાં વધુ અને ૨૪ કલાક સુધીના રોકાણ માટે પૂરા દરે ચાર્જ લેવાનો રહેશે.

(૨) બિન સરકારી ૪ કલાક કરતાં વધુ સમય માટે રહે તો પૂરા દરે અને ૪ કલાક કરતાં ઓછા સમય માટે રહે તો નક્કી કરેલા ચાર્જના ૫૦% ચાર્જ વસૂલ લેવાનો રહેશે.



નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,

(૩) નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને ફક્ત ૬ દિવસ માટે રાજ્યના બિન ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓની જેમ ઉતારો આપી શકાશે તેમા છતાં નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારી જો કોઇ જાતનો વેપાર ધંધો કરતા હોય તો તેમને બિન સરકારી કે ખાનગી વ્યક્તિ સમકક્ષ ગણીને ચાર્જ વસુલવાના રહેશે.

(૪) બાળકો માટે નીચે મુજબ રહેવાનો ચાર્જ લેવાનો રહેશે.

| ઉંમર | દર |
|---|---|
| (અ) ૧૨ વર્ષથી નીચેના | ચાર્જ નથી. |
| (બ) ૧૨ વર્ષ કરતાં વધુ ઉંમરના | પૂરો ચાર્જ |

(૫) એ.સી./હીટરની સુવિધાવાળા રૂમો ફાળવવામાં આવે ત્યારે એ.સી./હીટરનો ઉપયોગ કરે કે ન કરે તો પણ તે રૂમના નિયત ચાર્જીસ વસુલ લેવાના રહેશે.

(૬) માઉન્ટ આબુ અને તિથલ માટે પિક સમયનો સમયગાળો ઉનાળામાં ૧ એપ્રિલ થી ૩૦ જૂન અને શિયાળામાં ૧ ઓકટોબર થી ૩૦ નવેમ્બર

(૭) સંબંધિત વ્યક્તિ દ્વારા જે જે જગ્યાએ લાગુ પડતો હોય ત્યાં લકઝરી ટેક્ષ ચુકવવાનો રહેશે.

નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય ગાંધીનગર.

માર્ગ અને મકાન વિભાગના તા.૨૮/૭/૨૦૧૫નાં ઠરાવ ક્રમાંક એવીએ/૧૦૨૦૦૯/૨૫૩/(૭)/ન-૧ નું બિડાણ

પરિશિષ્ઠ-૨

જમવાના દરો

આ જમવાના દરો રાજ્ય સરકારનાં તમામ સરકીટ હાઉસો,ગુજરાત ભવન ,મુંબઇ , મા.આબુ, સરકીટ હાઉસ/ગુજરાત ભવન તથા વિશ્રામ ગૃહ/આરામ ગૃહ/પથિકાશ્રમમાં રોકાણ કરતાં સરકારી કર્મચારી/બિન સરકારી વ્યક્તિઓને એક સમાન ધોરણે લાગુ પડશે.

| અનુક્રમ નંબર | વિગત | ચા - નાસ્તો - જમવાના દરો (રૂ.માં) |
|---|---|---|
| | | નિયત દર |
| ૧ | ચા/ કોફી | ૧૦ થી ૧૨ |
| ૨ | નાસ્તો | ૨૦ થી ૩૫ આઇટમ પ્રમાણે |
| ૩ | એક ગ્લાસ દૂધ | ૧૫ |
| ૪ | ગુજરાતી થાળી (સાદી) પૂરી અથવા રોટી<br>૨-શાક[illegible], ભાત, દાળ, પાપડ, અને સલાડ | ૭૦ |
| ૫ | ગુજરાતી થાળી (મિઠાઇ ફરસાણ સાથે) પૂરી અથવા રોટી, ૨-શાક,<br>ભાત, દાળ, પાપડ, અને સલાડ | ૧૦૦ થી ૧૧૦ |

નોંધ:

(૧) બહારથી લાવીને પિરસવામાં આવતી વાનગીના દર સ્થાનિક બજાર કિંમત મુજબ લેવાના રહેશે.

(૨) પાર્ટી / કોન્ટ્રાક્ટ પધ્ધતિથી કામગીરી સોંપવા બાબતે જરૂર જણાયે સંબંધિત મેનેજરે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી સાથે પરામર્શ કરીને કાર્યવાહી કરવાની રહેશે.



નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

**શરતો:**

(૧) સરકીટ હાઉસ/ વિશ્રામ ગૃહ/ આરામ ગૃહ /પથિકાશ્રમમાં રહેતી ન હોય તેવી ખાનગી વ્યક્તિઓ પાસેથી તેમની ખાણી-પીણીનું આઇટમનું જે બીલ થતું હોય તે તેમજ આ ઠરાવમાં સમાવેશ ન કરેલ હોય તેવી ખાણી-પીણીની ચીજ વસ્તુ પર કુલ બીલના ૨૫% અલગ ચાર્જ લેવાનો રહેશે.

(૨) રાજ્ય સરકારના અધિકારી અથવા રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણ સંચાલિત જાહેર સાહસ,બોર્ડ/કોર્પોરેશન વિગેરે તરફથી સરકીટ હાઉસ/વિશ્રામગૃહ/ આરામ ગૃહ/ પથિકાશ્રમમાં પાર્ટીનું આયોજન કરવામાં આવે તો તેઓ પાસેથી કુલ ભોજન ખર્ચ તથા આ ઠરાવમાં સમાવેશ કરેલ ન હોય તેવી ખાણી-પીણીની ચીજવસ્તુ સહીતની રકમ પર ૧૦% અલગ ચાર્જ લેવાનો રહેશે. અર્ધસરકારી તથા અન્ય કોર્પોરેશનને ખાનગી બિનસરકારી તરીકે ગણીને ૨૫% અલગ સર્વિસ ચાર્જ લેવાનો રહેશે

(3) આ પત્રકમાં સમાવેશ કરવામાં આવેલ ન હોય તેવી ખાણી પીણીની ચીજવસ્તુના દર બહારથી લાવીને પિરસવામાં આવતી વાનગીના દર મુજબ સ્થાનિક બજાર કિંમત મુજબ લેવાના રહેશે અને બજાર કિંમત અંગે મતભેદ ઉપસ્થિત થાય તો તે અંગેનો નિર્ણય જે તે સંબંધિત ગૃહના મેનેજર દ્વારા કરવામાં આવશે અને તે સરકારી અધિકારી/ખાનગી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે.

(૪) રહેવાના ચાર્જીસ, ટ્રન્ક કોલ તથા સર્વિસ ચાર્જીસ અને લકઝરી ચાર્જીસ વગેરે અતિથિગૃહ/વિશ્રામ ગૃહ/ આરામ ગૃહ/ પથિકાશ્રમ/ગુજરાત ભવન વિગેરેના (જે તે ગૃહના) મેનેજરને ચુકવવાના રહેશે તથા ચા નાસ્તો, જમવાના ચાર્જીસ જયાં ખાનસામા પધ્ધતિ અમલમાં હોય ત્યાં જમવાના ચાર્જીસ ખાનસામાને ચુકવવાના રહેશે.

(૫) સરકીટ હાઉસ/વિશ્રામ ગૃહ/ આરામ ગૃહ/ પથિકાશ્રમના સંબંધિત મેનેજરે ઉપર જણાવેલ સર્વિસચાર્જ અંગે અલગથી હિસાબો નિભાવવાના રહેશે અને તે હિસાબની ચકાસણી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી/નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પાસે કરાવવાની રહેશે.

---

નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય ગાંધીનગર.